પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 09-09-2024 Morning : 7.10 to 7.20

Day: Monday Regional News

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

---

- ❖ રાજ્યમાં 82 લાખ 34 હજાર હેક્ટર એટલે કે કુલ સરેરાશ વાવેતર વિસ્તારનાં 96 ટકા વિસ્તારમાં વાવેતર થયું.
- ❖ 6 કિલોવોટ ક્ષમતા સુધીનાં સોલર રૂફ ટોપનાં જોડાણ માટે ચાર્જ નહીં વસુલાય.
- ❖ સુરતના અડાજણ ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીનાં હસ્તે સાયબર સંજીવન 3.0 અભિયાનનો શુભારંભ.
- ❖ અંબાજીમાં ભાદરવી પુનમનાં મેળામાં આવતા પદયાત્રીઓ માટે સવા ત્રણ લાખ કિલો મોહનથાળ બનાવવામાં આવશે.
- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 29મી સપ્ટેમ્બરે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમ માટે લોકોના વિચાર-સૂચનો મોકલવા જણાવ્યું છે.

---

Monsoon

આ ચોમાસામાં રાજ્યમાં અત્યાર સુધી સરેરાશ 43 ઇંચ વરસાદ પડ્યો છે, જે સરેરાશ 35 ઇંચની સરખામણીમાં 122 ટકા વધુ છે. રાજ્યનાં કુલ 33 જિલ્લા પૈકી 26 જિલ્લામાં 100 ટકા કરતા વધુ અને બાકીના સાત જિલ્લામાં 75થી 100 ટકા જેટલો વધુ વરસાદ પડ્યો છે. 33 જિલ્લામાંથી 18 જિલ્લામાં અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાઈ છે. કચ્છ જિલ્લામાં તેનાં સરેરાશ વરસાદની સામે 183 ટકા વરસાદ પડયો છે, જ્યારે સૌરાષ્ટ્ર ઝોનમાં 129 ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં 124 ટકા, મધ્ય ગુજરાત ઝોનમાં 117 ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં 105 ટકા વરસાદ પડ્યો છે.

રાજ્યમાં 85 લાખ 58 હજાર હેક્ટર જમીનમાં ધાન્ય. કઠોળ, તેલિબિયાં, કપાસ સહિતનાં વિવિધ પાકોનું વાવેતર થાય છે, પણ આ વખતે 82 લાખ 34 હજાર હેક્ટરમાં વાવેતર થયું છે, એટલે કે કુલ સરેરાશ વાવેતર વિસ્તારનાં 96 ટકા વિસ્તારમાં વાવેતર થયું છે.

દરમિયાન રાજ્યમાં ગઈ કાલે નહિંવત વરસાદ નોંધાયો છે. સૌથી વધુ અઢી ઇંચ વરસાદ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં નોંધાયો હતો, જ્યારે મહિસાગરના બાલાસિનોર, વલસાડના ઉમરગામ અને પંચમહાલના મોરવા હડફમાં બે-બે ઇંચ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે આજે અને આવતીકાલે ઉત્તર ગુજરાતમાં કેટલાંક જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે.

-----------------------------------------------------------------

Patan Kheti

પાટણ શહેર સહિત સમગ્ર પંથકમાં અતિ ભારે વરસાદના કારણે ખેડૂતોના પાકને થયેલા નુકશાનનું વળતર ચુકવવાની માંગણી પાટણના સાંસદ ભરતસિંહ ડાભીએ મુખ્યમંત્રીને પત્ર લખીને કરી છે.

શ્રી ડાભીએ પત્રમાં જણાવ્યું છે કે, પાટણ લોકસભા સંસદીય મત વિસ્તારમાં આવતા પાટણ, ચાણસ્મા, રાધનપુર, કાંકરેજ, સિદ્ધપુર, ખેરાળુ અને વડગામ વિધાનસભામાં આવતા તાલુકામાં વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે. ખેડૂતોને થયેલા આર્થિક નુકસાનનો રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક સર્વે કરી ઝડપભેર સહાય મંજૂર કરવામાં આવે તેવી વિનંતી કરવામાં આવી છે.

-----------------------------------------------------------------

Death – Mahisagar

મહીસાગર જિલ્લામાં ભારે વરસાદને પગલે એક મકાનની દીવાલ ધરાશાયી થતા ધોરણ-10માં અભ્યાસ કરતી દીકરીનું મોત નીપજ્યું હતું.

મહિસાગરના જિલ્લાના પ્રતિનિધિએ જણાવ્યું ઘરમાં હાજર અન્ય પરિવાર અને પશુનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનાની જાણ થતાં સંતરામપુરના ધારાસભ્ય અને રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડીડોરે પરિવારની મુલાકાત લીધી હતી અને વહીવટીતંત્રને તત્કાલિક ધોરણે સહાય ચુકવા સૂચના આપી હતી.

-----------------------------------------------------------------

Solar Rooftop

પ્રધાનમંત્રી સૂર્યઘર યોજના અંતર્ગત સોલર રૂફટોપ પોલિસીમાં કેટલાંક મહત્વપૂર્ણ વીજ ગ્રાહકલક્ષી સુધારા કરાયા છે. જેમાં છ K.W. ક્ષમતા સુધી ગ્રાહક પાસેથી જોડાણ પેટે લેવાતા 2,000 રૂપિયા સુધીનો ખર્ચ હવે લાઈસન્સ ધારક કંપની ચૂકવશે. જ્યારે 10 કિલોવોટની ક્ષમતાનું કનેક્શન મેળવવા માટે ટેકનો ફિઝિબિલિટી રિપોર્ટની જરૂરિયાતને દૂર કરી દેવાઈ છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક પંચ 'જર્ક' એ બહાર પાડેલા નોટિફિકેશનમાં આ જાણકારી આપવામાં આવી છે.

------------------------------------------------------------------

SOLAR ROOFTOP CM

સૌર ઉર્જાને  પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વર્ષ 2024-25માં રાજ્યની વિવિધ સરકારી ઇમારતો પર 48 મેગાવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરાશે.

ઉલ્લેખનીય છે કે, ચાલુ વર્ષે સોલાર રૂફટોપ સ્થાપિત કરવા માટે રાજ્યસરકાર દ્વારા 177 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હાલ 56.8 મેગાવોટ ક્ષમતાની 3 હજારથી વધુ સોલાર રૂફટોપ સિસ્ટમ સક્રિય છે. ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઉર્જાનું ચાલુ વર્ષમાં 24 હજાર સાતસો પાંસઠ પોઇન્ટ ત્રણ મિલિયન યુનિટ ઉત્પાદન થયું છે. જેમાં 9 હજાર 637 એમ.યુ. સોલાર, 14 હજાર 201 એમ.યુ.પવન, 885.325  એમ.યુ. હાઇડ્રો,  69 સ્મોલ હાઇડ્રો અને 42 એમ.યુ. બાયોમાસ અને બગાસ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં સૂર્ય શક્તિને મહત્વની ઉર્જાશક્તિ તરીકે વિકસાવીને ગુજરાત અગ્રેસર ભૂમિકા નિભાવી રહ્યું છે.

------------------------------------------------------------------

SURAT- CYBER SANJIVANI 3.0

સુરતના અડાજણ ખાતે ગઈકાલે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તથા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે "સાયબર સંજીવની 3.0" અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે.

સુરતને સાયબર સેફ બનાવવા અને સુરતીઓને ઓનલાઈન છેતરપિંડીથી બચાવવા માટે સુરત શહેર પોલીસ અને સાયબર સુરક્ષા સેતુના સહયોગથી આ અભિયાનનો પ્રારંભ કરાયો છે. આ પ્રસંગે શ્રી પાટીલે જણાવ્યું હતું કે, સાયબર ક્રાઈમનો ભોગ બનતા લોકોએ પોલીસને ખુલ્લા મને પોતાની વાતો, મૂંઝવણ અને સાચી હકીકતો જણાવી દેવી જોઇએ, જેથી

તેઓ ઝડપભેર કાર્યવાહી કરી શકશે. નાગરિકો સાયબર ફ્રોડના કિસ્સાઓમાં સાયબર હેલ્પલાઈન નં. ૧૯૩૦ ઉપર કોલ કરીને સહાયતા મેળવવા સાથે ફરિયાદ કરી શકે છે.

ગૃહરાજ્યમંત્રીએ જણાવ્યું કે, સુરત શહેરના ખૂણે ખૂણે સાયબર સંજીવની વેન ફરીને સાયબર ક્રાઈમથી બચાવવામાં મદદરૂપ બની રહી છે.

-------------------------------------------------------------------

Board's Exam

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન – CBSEએ ધોરણ – 10 અને ધોરણ – 12ની બોર્ડની પરિક્ષાના ફોર્મનું રજિસ્ટ્રેશન શરૂ કર્યું છે. વિદ્યાર્થીઓ આગામી ચોથી ઓક્ટોબર સુધી ફોર્મ ભરી શકશે. CBSE દ્વારા તૈયાર કરવામાં આવેલા પરિક્ષા સંગમ પોર્ટલ પર શાળા દ્વારા તેમના વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશનની સાથે સાથ LOC લિસ્ટ ઓફ કેન્ડિડેટ પર સબમીટ કરવાનું રહેશે. ફી ભરવાની સમય મર્યાદા ચોથી ઓક્ટોબર છે, ત્યારબાદ ભરાયેલી ફીમાં લેઈટ ફીનો ચાર્જ લાગુ કરશે, જે 15મી ઓક્ટોબર સુધી લાગુ રહેશે.

-------------------------------------------------------------------

MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

-------------------------------------------------------------------

Global Energy Investors Meet and Expo

નવીન અને નવીનીકરણીય ઊર્જા કેન્દ્રિય મંત્રી પ્રહલાદ જોષી આજે સાંજે પત્રકારોને આગામી 16થી 18 સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર “ગ્લોબલ રિઈન્વેસ્ટ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મિટ એન્ડ એક્સ્પો – 2024” અંગે માહિતીગાર કરશે.

ગાંધીનગર ખાતે યોજાનાર “ગ્લોબલ રિઈન્વેસ્ટ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મિટ એન્ડ એક્સ્પો – 2024” અંગે માહિતી આપવા અંગે આજે સાંજે 5.30 કલાકે સ્વર્ણિમ સંકુલ-1 ખાતે પત્રકાર પરિષદનું આયોજન કરાયું છે.

------------------------------------------------------------------

Ambaji Prasad

યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં આવતા ભાવિકો અહીંનાં મોહનથાળનો પ્રસાદ અચૂક લઈ જાય છે. લાખો પદયાત્રીઓની પ્રસાદની માંગ સંતોષવા માટે અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટે મોહનથાળનો પ્રસાદ બનાવવાની કામગીરીનો પ્રારંભ કર્યો છે.

અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ત્રણ લાખ 25 હજાર કિલો પ્રસાદ બનાવવામાં આવશે. નાના-મોટા 25 લાખ જેટલા પ્રસાદના પેકેટ તૈયાર કરવામાં આવશે તેમ અધિક કલેક્ટર કૌશિક મોદીએ જણાવ્યુ હતું, આ ઉપરાંત ફરાળી ચીકીનો પ્રસાદ પણ મળશે.

------------------------------------------------------------------

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 29મી તારીખે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે તેમનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 114મી કડી હશે. લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત 1922 પર મિસ્ડ કોલ કરવાથી એસએમએસ પર મળેલી લિન્ક ઓપન કરીને પણ પ્રધાનમંત્રીને પોતાનાં સૂચનો રજૂ કરી શકાશે.

આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી ઓપન ફોરમ પર પણ ઓનલાઇન રજૂઆત કરી શકાશે. 27 સપ્ટેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

મન કી બાત કાર્યક્રમનું પ્રસારણ 29 સપ્ટેમ્બરે સવારે 11 વાગે આકાશવાણી અને દૂરદર્શનનાં તમામ નેટવર્ક, એેઆઇઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત એેઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પર પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

------------------------------------------------------------------

Cleanliness campaign

સ્વચ્છ ભારત મિશન નિર્મળ ગુજરાત 2.0 અંતર્ગત, બીજી ઓક્ટોબરનાં રોજ સ્વચ્છ ભારત દિવસની ઉજવણી માટે 14 સપ્ટેમ્બર થી 1 ઓક્ટોબર સુધી 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 6થી 9 સપ્ટેમ્બર દરમિયાન સ્વચ્છતા વોક યોજાશે, 10 થી 13 સપ્ટેમ્બર દરમિયાન 'બ્લેક સપોર્ટની ઓળખ' ની કામગીરી કરવામાં આવશે. 14 થી 21 સપ્ટેમ્બર સુધી દરેક સરકારી કચેરી, શાળાઓ, કોલેજોમાં સ્વચ્છતાના શપથ લેવડાવવા અને મહાસફાઈ શ્રમદાન ઝૂંબેશ પણ યોજાશે. 18 અને 19 સપ્ટેમ્બરના રોજ સફાઈ મિત્ર સુરક્ષા શિબિર અંતર્ગત સફાઈ કર્મચારીઓનું હેલ્થ ચેકઅપનું આયોજન છે. 20, 21 સપ્ટેમ્બરના રોજ રીડ્યુસ, રીયુઝ અને રિસાયકલ અંગેના વર્કશોપમાં વેસ્ટમાંથી બેસ્ટ કમ્પોસ્ટ બનાવવાની તાલીમ યોજવામાં આવશે.

---